## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

**''હરિદ્વારમાં''**
કનખલ ક્ષેત્રે ગંગાજીના કિનારે કથા - સત્સંગ હેતુ રહેવા, જમવાની ઉત્તમ વ્યવસ્થા ઉપલબ્ધ. સંપર્ક: સ્વામી દયાનંદજી - ૦૯૨૧૨૯૮૫૩૭૫. શિરીષ જાની (મુંબઈ) - ૦૯૮૨૦૦૯૭૬૦૯. (૭૭૨-ઈ)

### ૫. અંગત

**DETECTIVE SERVICES**
Proper Legal guidance from Retired ACP to victims of Cheating, Fraud, Forgery, Economic, Property And Matrimonial offences. Provides valuable guidance in lodging Proper Police complaints / FIR's/ Court matters. Contact: 9082720736 / 022-26879168. (812/A)

### ૭. ખુશખબર

**''ડિસ્ટાર જ્વેલરી''**
રિયલ ડાયમંડ જ્વેલરી, રિંગ - સેટ - નેકલેસ - બંગડી - પેન્ડંટ, ૩૦૦૦/- શરૂવાત + સર્ટિફિકેટ, ઓપેરા હાઉસ: ૯૮૨૦૧૧૬૦૪૬ / ૯૮૭૦૮૯૧૭૪૭. (૭૩૬-એ)

### ૮. શુભ પ્રસંગો માટે

**AC BANQUETS FOR MArriages, Engagements, Birthdays. Mulund (W) 9833065658 Porous, Ghatkopar (E) 9819665654 Dhawal Sota. (B-6192)**

### ૯. લગ્ન સંબંધી

**ઔદિચ્ય બ્રાહ્મણ**
સ્લીમ ૨૯ વર્ષ, ૫'૩'', સીપીએ વેલસેટલ્ડ કુટુંબની કન્યા માટે હાઈલી ક્વોલીફાઈડ વેલસેટ યુવકના વડિલો સંપર્ક કરે (જ્ઞાતિબાધ નથી) ૭૪૦૦૪૩૪૦૪૬ / ૯૭૬૯૦૪૦૬૫૮ (દહેજ નહીં). (૮૬૨/એ)

### ૧૦. મહિલાઓ માટે

**ચરબી + વજન**
૨૦૦ ગ્રામ રોજનું ઘટાડો, ૧૫થી ૨૫ કિલો કસરત, ડાયેટીંગ વગર ''અલ્ટ્રાસ્લિમથી'' સંપૂર્ણ આયુર્વેદિક - ૮૬૮૯૯૯૧૧૧૨. (૪૩૪-સી)

**પ્રીતી સાબુ: દિવાળી સ્કિમ વિવિધ ખરીદી ઉપર આર્ટીકલ ભેટ યોજના. ફ્રી ડીલીવરી: ૨૩૦૫૪૦૦૦/ ૨૩૦૮૭૫૨૧. (૭૮૦-એ)**

### ૧૧. પ્રદર્શન

**મેગા એક્ષીબીશન**
આજે છેલ્લો દિવસ, રોયલ બેન્કવેટ્સ, હોટલ વેજ ટ્રીટ રોયલ, મયુર ટાવર, ચંદાવરકર રોડ, એક્સર રોડ સિગ્નલ, રોયલ કોમ્પલેક્ષની બાજુમાં, બોરીવલી - વેસ્ટ, દિવા, રંગોળી, તોરણ, ચણીયા ચોળી, સાડી, કુર્તિસ, જ્વેલરી... અપેક્ષા - ૯૯૩૦૮૩૭૦૭૨. (૮૪૧/એચ)

### ૧૨. યાત્રા સહેલગાહ

**બ્રાન્ડ ગાર્ડન રિસોર્ટ**
**હિલ સ્ટેશન ઈગતપુરીમાં દિવાળીની ઉજવણી કરો. બંગલાઓ, રોહાઉસીસ, રૂમ્સ, એન્ડવેન્ચર એક્ટીવીટીઝ, સ્વીમીંગ પુલ, રેસ્ટોરન્ટ, ઘર બેઠા બુકીંગ. www.theggresort.com ૯૨૨૫૧૩૮૭૨૩/ ૯૨૨૫૧૩૮૭૨૪/ ૨૨૬૭૭૦૭૦. (૮૬૦/એ)**

**પીકનીક**
**સેન્ટ્રલ / વેસ્ટર્ન રીસોર્ટ, ગ્રુપ્સ સ્પેશ્યલ રેટ, બસ ભાડેથી. ૯૩૨૩૨૦૨૭૩૧. (૩૮૩-ઈ)**

**ડીલક્સ શ્રીલંકા ૫૫૦૦૦/- મુંબઈથી મુંબઈ ડાયરેક્ટ ફલાઈટ, નાસ્તો ડીનર ૮ દિવસ. એસી બસથી ફરવાનું. ગેરેન્ટેડ બેસ્ટ હોટેલ્સ. નેશનલ= ૯૮૭૦૪૫૯૦૫૪. (૮૩૪-એ)**

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

### ૧૭. જગ્યા આપવી છે

**નો જીએસટી - રેડી કબ્જો**
૯૦' રોડ ઘાટકોપર (ઈસ્ટ) ૩ બેડરૂમ - ૧૪ માળના ટાવરમાં મોડર્ન એમેનિટીઝ સાથે. વિપુલ ૯૦૮૨૨૧૮૪૨૯. (કેપી-૩૫૩૩-એ)

**કાંદિવલી [વેસ્ટ]**
શાંતિલાલ મોદી રોડ, ૧, ૨ બેડરૂમના જોતા જ ગમી જાય એવા ફલેટો, નવા બિલ્ડીંગમાં ઓસી સાથે, લો/ હાઈ બજેટ, તુરંત સોદો, વેચાણથી. ''હિતેશ કાકુ'' - ૯૮૬૭૩૧૭૬૨૬. (જે/૩૮૪૮-એ)

### ૨૩. મનોરંજન

**ભરતભાઈ ડોસા**
**લગ્નગીતો, દાંડિયારાસ, સંગીતસંધ્યા, પ્રાર્થનાસભા - રણજીત ડોસા : ૯૨૨૧૩૧૮૩૩૩/ ૨૩૮૧૧૩૩૩. (૭૩૦-એ)**

### ૨૭. ઔષધ ઉપચાર

**ફુગેલી પગની બ્લુ નસોનો**
લેઝરથી કેશલેસ ઉપચાર. ડૉ. પરેશ દેઢિયા. અંધેરી:- ૯૭૬૯૧૦૧૩૫૩ / ૭૯૭૭૫૮૭૭૯૮. (૩૭૧૨/એ)

### ૩૧. નાણાંકીય

■ સિનેવિસ્ટા શેરનો ભાવ ૧૩ વાળો (૧૩૦૦) થશે (૧૦) વર્ષમાં ૯૬૧૯૪૬૩૩૬૯. (૭૫૮૭)

### ૩૨. જમીન - મિલકત

**ખેડૂત બનો**
ખેડૂત બનો, કાયદેસર પોતાને નામે જગ્યા લઈ. માત્ર ૪૫૦૦૦/- - ૩૦ દીવસમાં. અન્ય કોઈ ખર્ચ નથી. ઘરપોચ સેવા. ૮૦૮૭૦૫૩૦૫૩ / ૮૦૮૭૦૫૮૦૫૮. (૭૭૯-એ)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ - મુવર્સ''**
૪૪ વર્ષથી ઓફીસ/ ઘરસામાન, ફેરવવા - ૯૯૨૦૯૫૫૨૯૧, ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭ - લલિતભાઈ ઠક્કર. (એસએ/૪૮૦૦-સી)

**રિયલ ટેસ્ટ - પ્યોર ક્વૉલિટી**
સ્વાદિષ્ટ - પૌષ્ટિક સંપૂર્ણ સ્વદેશી બનાવટના ડૉ. નરમસના ફ્રૂટોપ અને વિનીડાઝનાં: ફ્રૂટ - ડ્રાયફ્રૂટ - હર્બલ - ફલાવર - નટ્સનાં (સીરપ, ક્રશ, શરબત), ટ્રેડિશનલ ચટણી, સોસ, સ્પ્રેડ, ડેઝર્ટસોસ, હેલ્થફૂડ. ઉપયોગ: મિલ્કશેક, ફૂડ પાર્લર, આઈસક્રીમ ટોપિંગ્સ, ડ્રાયફ્રૂટ ડીશગોલા, ફ્રૂટ મોકટેલ, થીકશેક, ડેઝર્ટર્સ, કેટરર્સ, બેકરી, મીઠાઈની બનાવટો તથા ઘરવપરાશમાં ઉપયોગી. અગ્રગણ્ય ડ્રાયફ્રૂટ, જનરલ, સુપર સ્ટોરમાં મળશે. તહેવારોમાં ગીફ્ટ આપવા માટે ઉત્કૃષ્ટ. નરમ ફૂડ પ્રોડક્ટ્સ (રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ) ફોન: (૦૨૨) ૨૮૮૭૩૩૨૮/ (૦૨૨) ૨૮૮૭૪૦૩૫/ ૦૭૫૦૬૯૫૩૩૨૮. ઈમેલ: naramsfood@gmail.com (૭૮૪-એ)

■ ઓછા ડાઉન પેમેન્ટમાં ટી. પરમીટ કાર ખરીદો, ટુરીસ્ટ બિઝનેસ કરીને મહિના ૬૦,૦૦૦/-, ૧,૦૦,૦૦૦/- કમાવો - ૯૫૯૪૪૩૦૧૧૧. (૮૫૧/એ)

**નવીનતમ્ દિવાળી ગીફ્ટ્ આઈટમો:**
૧૦,૦૦૦થી વધારે પ્રોડક્ટસ દરરોજ ઉપયોગમાં આવે તેવી બ્રાન્ડેડ, ક્વોલીટી પ્રોડક્ટસ ગેરેન્ટી વોરન્ટી સાથે હોલસેલ ભાવે. તમારા બજેટને અનુરૂપ ગીફ્ટ્ વાઉચરો ગીફ્ટ કરો લાંબે તથા નજદીક રહેનાર સર્વ ભાઈ-બહેનોને ગીફ્ટ્ આઈટમો લેવા ભાવભર્યું આમંત્રણ. સંસ્થાકીય પૂછપરછ આવકાર્ય. (કોર્પોરેટ ગીફ્ટીંગ) સારી વસ્તુઓના વેચાણ કેન્દ્રો મહાવીર ધ હોમ સ્ટોર માચીસવાલા કમ્પાઉન્ડ, સ્ટે. રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ) ટેલી.- ૨૬૪૯૪૩૯૦ મો. ૯૯૬૭૦૨૪૩૯૦ (શોરૂમ ૩૬૫ દિવસ ખુલ્લુ) (શોરૂમ ટાઈમ સવારે ૧૧.૦૦થી રાત્રે ૯.૦૦ સુધી). (બી-૬૯૧૬)

**દિવાળી ગીફ્ટ**
દિવાળી શુભ પ્રસંગો તથા ધાર્મિક પ્રસંગો નિમિત્તે આપવા ગિફ્ટ આયટમો ટ્રેડિશનલ/ એન્ટિક આયટમો ડ્રાયફ્રુટ બોલ, ટ્રે, બોક્સ તથા તોરણો ફેક્ટરી ભાવે મળશે ડિસ્કાઉન્ટ ૫૦%, ૯૯૩૦૩૧૦૦૫૭/ ૮૮૫૦૧૧૨૦૫૬. (૪૪૦/બી)

**IEC, MEIS LICENCE, DRAWback - 9820936980. (4107/B)**

### ૩૪. ફર્નીચર ફીક્ષ્ચર

**અમેરીકન હુક**
છત (સિલિંગ) તોડ્યા વગર હિંચકાના કડા, પંખા, જુમ્મરના હુક ફીટ કરી આપીશું. હેમંત વાસા - ૨૬૧૪૧૯૧૭, ૯૮૬૯૭૬૮૭૬૭, ૯૮૨૧૩૮૨૨૮૭. (૪૨૪૮-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**મફત સલાહ**
૨૪ કલાકમાં સમાધાન કારોબાર, પ્રેમવિવાહ, ગૃહકલેશ, સૌતન / દુશ્મન છૂટકારો, લક્ષ્મીબંધન, બાબાખાન - ૯૬૧૯૦૮૯૫૭૫ અંધેરી (પશ્ચિમ). (૬૧૮-એ)

# સગીર વયના કિશોરની જાતીય સતામણીના કેસમાં ૨૧ વર્ષીય યુવકને સાત વર્ષની સજા

મુંબઇ: પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સુઅલ ઓફેન્સ (પોક્સો)ના કાયદા હેઠળ અદાલતે સગીર વયના કિશોરની જાતીય સતામણી કરવા બદલ ૨૧ વર્ષીય યુવકને સાત વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. આ કિશોર આરોપી સાથે સલૂનમાં કામ કરતો હતો.

કેસની વિગત મુજબ ૧૭ વર્ષીય કિશોર મુંબઇમાં નોકરીની શોધમાં આવ્યો હતો. તેને એક સલૂનમાં નોકરી મળી ગઇ હતી. આખો દિવસ તે સલૂનમાં કામ કરતો અને રાતે નજીકની હૉટલમાં જમીને સલૂનની બહાર સૂઇ જતો હતો.

ત્રીજી એપ્રિલ, ૨૦૧૫ના દિવસે કિશોર, આરોપી અને અન્ય એક કર્મચારી હૉટલમાં જમવા ગયા હતા. રાતે કિશોર અને અન્ય કર્મચારી સલૂનમાં નીચે જમીન પર સૂતા હતા અને આરોપી ઉપર સૂતો હતો. અડધી રાતે આરોપીએ કિશોરના કપડાં ઉતારવાના પ્રયત્ન કરતા તેણે વિરોધ દર્શાવ્યો હતો. આરોપીએ દાઢી કરવાનો અસ્ત્રો કિશોરના ગળા પર મૂકી તેને ધમકી આપી હતી અને તેની સાથે બળજબરી કરી હતી. બીજા દિવસે કિશોરે આ ઘટનાની જાણ સલૂનના માલિકને કરી હતી. સલૂનના માલિકે આ બાબતની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. કિશોર અને સાક્ષીના નિવેદનના આધારે અદાલતે આરોપીને સાત વર્ષની કેદની સજા ફટકારી હતી.

# નવજાતની હત્યા: મૃતદેહને કચરામાં ફેંકી દીધો

કલ્યાણ: કલ્યાણમાં પ્લાસ્ટિકની બેગમાં વીંટાળેલો નવજાત શિશુનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર શિશુના ગળા પર ઇજાના નિશાન હતાં. તેની હત્યા કરવામાં આવી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું. ગર્ભાશયની નાળ હજુ કાપવામાં આવી નહોતી તેથી શિશુ એક અથવા બે દિવસનું હોવું જોઇએ, એમ પોલીસે કહ્યું હતું. બે ઇમારત વચ્ચેના ઉકરડામાં પ્લાસ્ટિકની બેગમાં વીંટાળેલા શિશુને એક સ્થાનિક રહેવાસીએ જોતાં તેણે પોલીસને જાણ કરી હતી. અનૈતિક સંબંધથી જન્મ થયો હોવાના કારણે તેની હત્યા કરી દેવામાં આવી હોવાની પોલીસે શંકા વ્યક્ત કરી હતી. અજ્ઞાત વ્યક્તિ સામે હત્યાનો કેસ નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# એફટીઆઈઆઈના વિદ્યાર્થીઓનો ખેરને ખુલ્લો પત્ર

પુણે: નવા નિમણૂક કરાયેલા એફટીઆઇઆઇના ચેરમેન અનુપમ ખેરને એફટીઆઇઆઇના વિદ્યાર્થીઓએ ખુલ્લો પત્ર લખીને એક્ટિંગ સ્કૂલ દ્વારા શરૂ કરવામાં આવેલા ટૂંકા ગાળાના કોર્સ સામે વિરોધ વ્યક્ત કર્યો છે અને વિદ્યાર્થીઓના સંખ્યાબંધ મુદ્દાઓ અંગે તેમનું ધ્યાન ખેંચ્યું છે. ૬૨ વર્ષીય પીઢ અભિનેતા અનુપમ ખેરની બુધવારે પુણેની ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (એફટીઆઇઆઇ)ના ચેરમેન પદે નિમણૂક કરવામાં આવી છે. એફટીઆઇઆઇ કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ હેઠળ આવતી સ્વાયત્ત સંસ્થા છે. ફિલ્મ મેકિંગના વિવિધ પાસા શીખવવા માટે એફટીઆઇઆઇની શરૂઆત કરવામાં આવી હતી, પરંતુ ધીરે ધીરે પૈસાની જરૂરિયાતને કારણે તે જુદા જુદા ટૂંક સમયના કોર્સ શીખવતી સંસ્થા બની ગઇ છે. એફટીઆઇઆઇ સ્ટુડન્ટ્સ એસોસિયેશનના પ્રમુખ રોબીન જોય અને જનરલ સેક્રેટરી રોહીતકુમારે આ પત્ર લખ્યો છે અને જણાવ્યું છે કે આવા ટૂંકા ગાળાના કોર્સ આટલા ઓછા સમયમાં ફિલ્મ મેકિંગના તમામ પાસા અંગે જ્ઞાન નહીં આપી શકે. ઇન્સ્ટિટ્યૂટ દ્વારા પાછલા એક વર્ષમાં ફાઉન્ડેશન ડે અને ઓપન ડે જેવા દિવસની ઉજવણી કરી વેડફવામાં આવેલા નાણાં સામે પણ વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો છે અને આ રકમને ઇન્સ્ટિટ્યૂટની માળખાકીય સુવિધા વિકસાવવામાં વાપરવા આગ્રહ કરવામાં આવ્યો છે. (પીટીઆઇ) ■

# મહાવિતરણનો બેસ્ટને વીજપુરવઠો પૂરો પાડવાનો પ્રસ્તાવ

મુંબઈ: રાજ્યમાં મેઘરાજાની મહેરબાનીથી લોડશેડિંગ ટળી ગયું છે, તો પણ મહાવિતરણે બેસ્ટને લગભગ ૭૫૦-૮૦૦ મેગાવોટ વીજળી પૂરી પાડવાનો પ્રસ્તાવ આપ્યો છે. બેસ્ટની ટેન્ડર પ્રક્રિયાની શરતોનો મહાવિતરણે વિરોધ કરવાથી રાજ્ય વીજ નિયામક આયોગ પાસે સુનવાઈ થવાથી ટેન્ડર પ્રક્રિયા બે અઠવાડિયા ઢીલમાં પડી છે. ત્રણ-ચાર મહિનાથી કોલસાનો પુરવઠો ખોરવાઈ જતા મહાવિતરણ કંપનીની મુશ્કેલીઓ વધી રહી છે, આ કારણે ૨-૩ અઠવાડિયા માટે રાજ્યમાં લોડશેડિંગ હાથ ધરવું પડ્યું હતું.

છેલ્લા ચાર દિવસથી રાજ્યભરમાં વરસાદને લઈ ખેતી પંપોની વીજળી માગ ૪૦૦૦ મેગાવોટથી ઘટતા લોડશેડિંગ ટળ્યું હતું.

કોલસાનો પુરવઠો થોડા ઘણા પ્રમાણમાં સુધર્યો છે પણ પૂર્વવત્ થયો નથી. આ પરિસ્થિતિમાં મહાવિતરણે બેસ્ટને ૭૫૦-૮૦૦ મેગાવોટ વીજપુરવઠો પૂરો પાડવાનો પ્રસ્તાવ ૧ એપ્રિલ ૨૦૧૮થી ૩.૭૮ પૈસાના દરે પૂરો પાડવાની તૈયારી દેખાડી છે. પવન ઊર્જાનો દર ૬.૭૫ પ્રતિ યુનિટનો હોવાથી આ મોંઘી વીજળી પડતી મૂકી બેસ્ટને આ પ્રસ્તાવ આપવામાં આવ્યો હતો. બેસ્ટે ટેન્ડર મગાવતા આ સ્પર્ધામાં મહાવિતરણ પણ જોડાઈ છે. ફકત માફક દરે કોલસા સાથ વીજનિર્માણ અને બીજા ટેક્નિકલ મુદ્દાને લઈ મહાવિતરણે ટેન્ડરની શરતોનો નિયામક આયોગ પાસે વાંધો લીધો હતો. બેસ્ટને વીજળી કયા ભાવે મળશે આ મુદ્દા પર ભાર દેવા કરતાં બિનજરૂરી શરતો મૂકવાનો વાંધો લેતા તેના પર સુનાવણી થવાની હોવાથી ટેન્ડર પ્રક્રિયા બે અઠવાડિયા ઢીલમાં પડી છે. ■

છેલ્લા પાનાનું ચાલુ

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીજી જ્યોતિષ**
પંડિતજી દરેક સમસ્યાનું ઘેર બેઠે સમાધાન જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમીમિલન (લવપ્રોબ્લેમ, પર્સનલ પ્રોબ્લેમ સ્પેશિયાલીસ્ટ) ૯૯૨૦૫૭૩૮૫૬ (ઘાટકોપર) (નિરાશ થયેલા વ્યક્તિઓ ખાસ મળે). (૬૭૭/એ)

**નિયતી જ્યોતિષ**
દેવી ઉપાસક (ફક્ત બહેનો માટે) લવ-પ્રોબ્લમ પતિ-પત્ની અણબનાવ, સૌતન - શત્રુથી છુટકારો, વિદેશ યોગ, છુટાછેડા, એકતરફી પ્રેમ, ગ્રીનકાર્ડમાં મુશ્કેલી, એનઆરઆઈ પ્રોબ્લમ, ધંધામાં બરકત, જમીન-મિલકત, દેવું ઉઘરાણી તથા દરેક જાતની સમસ્યાનું તુરંત સમાધાન - મોબાઈલ - ૯૮૯૮૧૪૭૫૦૭. (બી-૬૯૨૧)

**અષ્ટસિદ્ધિ જ્યોતિષ**
ફોરેન રિટર્ન બધી સમસ્યાઓનું સમાધાન લવ-પ્રોબ્લેમ, પતિ-પત્ની અનબનાવ, સૌતન ત્રાસ ધંધામાં નુકસાન, શેરબજારમાં લાભ, સચોટ પરિણામ ૮૮૨૮૦૯૬૭૨૩. (૬૮૭/એ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**''એસ પેસ્ટ કન્ટ્રોલ''**
'ઉધઈ', 'વાંદા', 'માંકડ'. ૯૮૨૧૧૯૫૭૨૦ / ૯૭૭૩૨૨૬૬૭૫/ ૨૮૬૫૭૭૬૮. (કાંદિવલી). (૭૯૦-એ)

**સંસ્કાર પેસ્ટ કંટ્રોલ**
(સરકાર માન્ય) બોરીવલી ૨૮૦૮૨૮૨૪, મલાડ - ૯૮૬૭૮૫૦૯૧૯, અંધેરી - ૮૪૫૧૯૪૦૯૧૯, ચીરાબજાર - ૯૯૬૭૦૩૩૩૭૩, ભાયંદર - ૨૮૦૪૫૮૮૬. (૫૮૫-ડી)

**એસ પેસ્ટીસાઈડ**
૧૯૯૩થી સોસાયટીના સ્પેશ્યાલીસ્ટ: ઉધઈ/ વાંદા/ માંકડ. કાંદિવલી - ૨૮૬૨૫૯૨૮/ ૨૮૬૨૫૯૨૯, ચીરાબજાર - ૬૫૧૮૧૦૩૦. (૩૬૦-એ)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેનમાં ''પાર્સલ સર્વિસ''**
લંડન + અમેરિકા + કેનેડા + દુનિયાભરમાં ઘેરબેઠાં સસ્તામાં - ''મનસ્વી'' - ૯૮૨૦૧૯૪૭૧૯ / ૭૨૦૮૦૧૯૫૧૫. (૮૫૫/બી)

■ દિવાળી સ્વીટસ/ સ્નેકસ/ ભેટવસ્તુઓ આપના પરિવારજન/ મિત્રોને લંડન/ અમેરીકા/ કેનેડા/ દુબઈ/ સીંગાપુર/ ઓસ્ટ્રેલીયામાં વ્યાજબી ભાવમાં મોકલવા. સંપર્ક: રીહીતા એક્સપ્રેસ કુરીઅર્સ પ્રાયવ્હેટ લિમિટેડ ૯૩૨૦૭૫૩૫૦૯ / ૨૬૮૧૭૬૪૮. (૮૨૨/એ)

■ દુનીયાભરમાં ઘેરબેઠા બધુંજ ઝડપથી પહોંચાડીશું. જુના રીલાયેબલ ૮૯૭૬૨૮૨૨૮૫ / ૯૭૬૯૭૩૮૨૯૪. (૮૩૨/બી)

**ફોરેનમાં**
પાર્સલ, બેસ્ટ રેટ, બેસ્ટ સર્વિસ, જુના, વિશ્વસનીય, રમેશભાઈ - ૯૨૨૪૩૨૦૬૨૬ / ૯૭૦૨૨૫૧૪૪૦. (૨૭૦૭-એ)

■ દુનીયાભરમાં બધુંજ ઝડપથી પહોંચાડીશું. જુના વિશ્વસનીય ગિરીશભાઈ - પ્રવિણાબેન: ૯૩૨૩૨૨૩૬૮૯ / ૯૩૨૩૮૨૬૯૮૨. (૮૩૨/એ)

## ગુડ મોર્નિંગ

ભાગ ભજવ્યો. ૨૦૦૮ની વાત. નવ-નવ વર્ષ સુધી દીકરીની હત્યાના ગુનાસર નિર્દોષ માબાપે જે માનસિક યાતના ભોગવી અને એમાંના ઘણાં બધાં વર્ષ જેલમાં ફિઝિકલ યાતના પણ ભોગવી તે માટે કોણ જવાબદાર?

નીચલી કોર્ટ?

ના.

એનો વારો તો પછી આવે છે.

ઈન્વેસ્ટિગેટર્સની વિવિધ ટીમ?

એમનો વારો પણ પછી આવે છે.

મિડિયા જવાબદાર છે આરુષિનાં પેરન્ટ્સની યાતના માટે. આપણે ત્યાં કોઈ સરખી મીડિયા મોનિટરિંગની સંસ્થા નથી જે આ મેજર છાપાં- મૅગેઝિનો- ટીવી ચેનલોના રિપોર્ટિંગ પર, એમની ચર્ચાસભાઓ પર, એમના દ્વારા ફેંકાફેંક કરવામાં આવતા અભિપ્રાયો પર નજર રાખીને વ્યવસ્થિત એનો રેકૉર્ડ રાખતી હોય. આરુષિનાં માબાપની યાતના માટે મીડિયા ટ્રાયલ જવાબદાર છે. રાઈટ ફ્રોમ ધ બિગિનિંગ મીડિયાએ આ બંને ખૂન બદલ માબાપ તરફ આંગળી ચીંધવાનું શરૂ કરી દીધેલું એટલું જ નહીં આરુષિ અને પિતા ડૉ. રાજેશ તલવાર તેમ જ આરુષિ અને તલવાર કુટુંબના નોકર હેમરાજ વિશે ખુલ્લેઆમ અભદ્ર ઈશારાઓ કરવાની ગટરક્લાસ ચેષ્ટા પણ મીડિયાએ ભરપૂર કરી.

મીડિયાએ ૨૦૦૮ના મે મહિનામાં આ કેસ બન્યો કે તુરત જ જે રીતની હવા બાંધી તેને કારણે પોલીસવાળા અને લેટર ઑન સીબીઆઈવાળા પણ એ હવા મુજબ તપાસ કરીને મિડિયાને રિઝવતા ગયા. મીડિયાના કકળાટની અસર કોર્ટના જજમેન્ટ પર વહેલી-મોડી અને વધતીઓછી પડે છે એવું અનેક કિસ્સાઓમાં આપણે જોયું છે. મીડિયાને ખુશ કરતી પોલીસ તપાસ અને મીડિયા ટ્રાયલના દબાણ હેઠળ નીચલી અદાલતે જે જજમેન્ટ આપ્યું તેની સામે તલવાર દંપતીએ હાઈ કોર્ટમાં ૪ વર્ષ પહેલાં અપીલ ફાઈલ કરી જેનો સુખદ ચુકાદો ગઈ કાલે આવ્યો ત્યારે મોટા ભાગની ચેનલોની ઍટિટ્યુડ એવી હતી કે જાણે આવો ચુકાદો નહોતો આવવો જોઈતો, તલવારદંપતીને ફાંસીને માંચડે લટકાવી દેવા જોઈએ. મીડિયાને આવું લાગે તે સ્વાભાવિક છે, કારણ કે આટલો મોટો કાંડ કર્યા પછી મીડિયાએ પોતાનું થૂંકેલું ચાટવાનો વખત આવ્યો. મીડિયા આવા પ્રશ્નો ન ઉઠાવે તો જ નવાઈ કે: હવે સવાલ એ ઊભો થાય છે કે અસલી ખૂની કોણ છે?

ભલા માણસ, તમે મીડિયા ટ્રાયલ ચલાવીને તલવારદંપતીને પોલીસ તપાસનું કેન્દ્ર બનાવવામાં રહ્યા ને ત્યાં પેલો નેપાળ ભેગો થઈ ગયો. તમે આ મીડિયા ટ્રાયલ ચલાવવાનું પાપ કરવાને બદલે યથાતથ રિપોર્ટિંગ કર્યું હોત તો પોલીસતપાસ પેલા અસલી ગુનેગારો સુધી પહોંચી જ ચૂકી હતી. ઈન્ફેક્ટ એ લોકોની ધરપકડ પણ થઈ ચૂકી હતી અને એમના નાર્કોટેસ્ટ પણ થઈ ગયા હતા જેમાં એમનો ગુનો છતો થતો હોવાના સંખ્યાબંધ ઈશારા હતા. (યુ ટ્યુબ પર અવેલેબલ છે), પણ મીડિયાએ જે રીતે તલવારદંપતીને ટાર્ગેટ કર્યું તેને લીધે પોલીસ કસ્ટડીમાં રહેલા બીજા શકમંદોને છોડાવવા આંદોલનો થાય છે, પોલીસ એમને જવા દે છે, એ લોકો ભાગીને નેપાળમાં છૂ થઈ જાય છે અને આ બાજુ તલવારદંપતી સંડોવાઈ જાય છે.

બે વર્ષ કરતાં પહેલાં, જુલાઈ-ઑગસ્ટ ૨૦૧૫માં, આ જ જગ્યાએથી આરુષિ હત્યાકાંડ વિશે એક લાંબી સિરીઝ લખી હતી. સિરીઝનો મુખ્ય આધાર અવિરુક સેનનું આ વિષય પરનું પુસ્તક અને અન્ય કેટલાક સોર્સમાંથી ભેગી કરેલી માહિતી હતી. જેના પરથી મેં આકલન કર્યું હતું.

'ત્રણસો પાનાનું અંગ્રેજી પુસ્તક બે વાર વાંચ્યા પછી અને ત્રીજી વાર એની વિગતો આ લેખમાં લખતી વખતે જોઈ ત્યારે અને આ પુસ્તકનો હિંદી અનુવાદ વારંવાર રીફર કર્યા પછી એક વાચક તરીકે હું આ નતીજા પર આવ્યો છું: જો મીડિયાનું કે સીબીઆઈનું કે બીજા કોઈનું પણ દબાણ નહીં હોય તો રાજેશ-નુપૂરની અપીલને મંજૂર રાખીને હાઈ કોર્ટ એમને છોડી દેશે.'

આરુષિ કેસમાં મીડિયા ટ્રાયલ ચલાવનાર તમામ છાપાં- મૅગેઝિન- ટીવી ચેનલોને ચાર વર્ષ પહેલાં તલવારદંપતીને નીચલી અદાલતે કસૂરવાર જાહેર કર્યા તે પછી આ કેસમાંથી રસ ઊડી ગયો, કારણ કે પોતાનું ધાર્યું થઈ ચૂક્યું હતું. જો તેઓએ ગત ૪ વર્ષ દરમિયાન પણ કેસનાં આરંભનાં વર્ષો જેટલી જ બદમાશીથી રિપોર્ટિંગ કરવાનું ચાલુ રાખ્યું હોત તો શક્ય છે કે આજે પરિણામ જુદું આવ્યું હોત.

મીડિયા ટ્રાયલની સામે એક અકેલા જાયન્ટ પત્રકાર નામે અવિરુક સેનના, ઉત્તમ ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમના નમૂનારૂપ પુસ્તકે કમાલ કરી. આ પુસ્તક પરથી વિશાલ ભારદ્વાજે જે સ્ક્રિપ્ટ લખી તેના પરથી મેઘના ગુલઝારે ફિલ્મ બનાવી 'તલવાર'. ઑક્ટોબર, ૨૦૧૫માં એ ફિલ્મને બિરદાવતો પીસ પણ લખ્યો.

હારવું નહીં ઝઝુમવું. એક તરફ આખું મીડિયા પોલીસતંત્ર- ન્યાયતંત્રને નચાવીને નિર્દોષોની જિંદગી સાથે ખેલતું થઈ ગયું હોય ત્યારે કોઈ પત્રકાર સિંગલ હેન્ડેડલી સંશોધન કરીને પુસ્તક લખે છે ત્યારે છેવટે સત્યની જ જીત થતી હોય છે, મીડિયા ટ્રાયલ કરનારા રાક્ષસોની હાર થતી હોય છે.

### આજનો વિચાર

જે રાજકારણીઓ આજે સરયુ નદીના તટ પર ભગવાન શ્રીરામની પ્રતિમા ઊભી કરવાનો વિરોધ કરી રહ્યા છે એ લોકો માયાવતી જ્યારે પોતાનાં અને કાંશીરામનાં પૂતળાંઓથી આખું યુપી ખીચોખીચ કરી રહ્યાં હતાં ત્યારે ક્યાં હતા અને અખિલેશ યાદવ કરોડો રૂપિયાનો બિનજરૂરી ખર્ચ કરીને હજહાઉસ બનાવી રહ્યા હતા ત્યારે પણ ક્યાં હતા આ રાજકારણીઓ?

- વૉટ્સઍપ પર વાંચેલું

### એક મિનિટ!

સ્કૂલના છોકરાઓની પિકનિક ફરીને પાછી આવી. બીજા દિવસે એક છોકરાની મમ્મી સ્કૂલની ટીચરને મળવા આવી અને ફરિયાદ કરી:

'મારા છોકરાનો ટર્કીશ ટૉવેલ ખોવાઈ ગયો છે. મને એવી અપેક્ષા નહોતી કે મારા છોકરા જોડે ચોરો પણ ભણતા હશે.'

ટીચર: 'માફ કરો. ટૉવેલ ભૂલથી કોઈ બીજા છોકરા પાસે રહી ગયો હશે. કોઈ કેમ ચોરી કરે? બધા છોકરાઓ હજી નાના છે. હું શોધી આપું છું તમારો ટૉવેલ. બસ, એટલું કહો કે કેવો હતો?'

મમ્મી: 'વ્હાઈટ કલરનો ફુલ સાઈઝ ટૉવેલ છે અને એના પર હૉટેલ ફાઉન્ટેન, મહાબળેશ્વર લખેલું છે.'! ■

## નાંદેડ

સુધીની મતગણતરી મુજબ કુલ ૮૧ બેઠકમાંથી કુલ ૭૭ બેઠકના પરિણામ જાહેર કરવામાં આવ્યા છે, જેમાંથી કૉંગ્રેસને પક્ષે ૬૯ બેઠક મળતા નાંદેડ અશોક ચવ્હાણનો જાદુ છવાયેલો રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અન્ય પરિણામમાં ૬ ભાજપ, ૧ શિવસેના અને એક અન્યનો વિજય થયો હતો. અન્યના પરિણામ આવવાના બાકી છે. બુધવારની ચૂંટણીમાં ૬૦ ટકા મતદાન થયું હતું. અશોક ચવ્હાણના હોમટાઉન ગણાતા નાંદેડમાં કૉંગ્રેસને હરાવવા માટે મુખ્ય પ્રધાન ફડણવીસ સહિત ભાજપના અન્ય પ્રધાનોએ એડી ચોટીનું જોર અજમાવ્યું હતું. એટલું જ નહીં, અશોક ચવ્હાણ ચૂંટણીના પ્રચાર માટે ત્રણ અઠવાડિયા રોકાયા હતા, જ્યારે રાહુલ ગાંધી પણ પ્રચાર કરી ગયા હતા. અહીંની ચૂંટણી પૂર્વે ભાજપ અને સેના એમ બંને સાથી પક્ષ વચ્ચેનો ગજગ્રાહ પણ અહીંની ચૂંટણીમાં જોવા મળ્યું હતું, એવું રાજકીય નિષ્ણાતે જણાવ્યું હતું. છેલ્લા બે દાયકા પૂર્વેથી નાંદેડ પાલિકામાં કૉંગ્રેસનું એકહથ્થું શાસન રહ્યું છે, જેમાં વર્ષ ૨૦૧૨ની પાલિકાની કુલ ૮૧ બેઠક પરની ચૂંટણીમાં કૉંગ્રેસના ૪૧ ઉમેદવારની જીત થઈ હતી, ત્યારબાદ બીજા નંબરે ૧૪ બેઠક પર શિવસેના રહી હતી. ૧૧ બેઠક પરથી એઆઈએમઆઈએમનો વિજય થયો હતો, ત્યારબાદ બે બેઠક પરથી ભાજપ તેમ જ અન્ય ત્રણ અપક્ષના ઉમેદવારનો વિજય થયો હતો.

## ભાંડુપ

અને તે માટે તેઓએ પહેલા પ્રમિલા પાટીલની વહુ જાગૃતિ પાટીલને ભાજપ તરફથી ટિકિટ આપી હતી. આ વિસ્તારમાં સ્વર્ગીય નેતા દિના પાટીલના સમર્થકો મોટી સંખ્યામાં છે તેને કારણે જાગૃતિ પાટીલને મતદારોની સહાનુભૂતી મળશે એવો ભાજપને પહેલાથી અંદાજ હોવાને લીધે જ તેમણે જાગૃતિ પાટીલને પક્ષ તરફથી ટિકિટ આપી હતી. ગુરુવારે મતગણતરીના દિવસે પહેલા રાઉન્ડથી જાગૃતિ પાટીલ આગળ હતા અને ૧૧,૨૨૯ મત મેળવીને તેઓ જીતી ગયા હતા. શિવસેનાના સ્થાનિક વિધાનસભ્ય અશોક પાટીલના પત્ની મીનાક્ષી પાટીલને ૬,૩૩૭ મત મળ્યા હતા. મીનાક્ષી પાટીલ બીજી વખત હારી ગયા છે. ૨૦૧૭ની ચૂંટણીમાં પ્રમિલા પાટીલે તેમને હરાવ્યા હતા. તેમની ઉમેદવારી સામે શિવસેનામાં નારાજગી હતી અને કાર્યકર્તાઓના ભારે વિરોધ બાદ પણ પક્ષે તેમને ટિકિટ આપી હતી. દરમિયાન રાજ્યમાં ચાર ઠેકાણે થયેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની પેટાચૂંટણીમાં ભાજપનો વિજય થયો છે. જેમાં મુંબઈ, પુણે, કોલ્હાપુર અને નાગપુર મ્યુનિસિપલ કોર્પોરેશનનો સમાવેશ થાય છે. નાગપુર મહાનગરપાલિકાની પેટાચૂંટણીમાં પણ ભાજપના ઉમેદવાર સંદીપ ગવઈ જીતી ગયા હતા. તો પુણે મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના હિમાલી નવનાથ કાંબલે જીતી ગયા હતા. જ્યારે કોલ્હાપુર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના સાથીપક્ષ તારારાણી આઘાડી પક્ષના ઉમેદવાર રત્નેશ શિતોલકર જીતી ગયા હતા. તારારાણી આઘાડીના નેતૃત્વ કૉંગ્રેસના ભૂતપૂર્વ વિધાનપરિષદના સભ્ય મહાદેવરાવ મ્હાડીક કરે છે અને તેમનો પક્ષ હાલ ભાજપ સાથે જોડાયેલો છે.

## મોટરમેન

સખત માનસિક તાણ અનુભવતા હોય છે અને એવામાં જો તેઓને સિગ્નલ જંપ થઈ જાય છે. મોટરમેનને તેની આ ભૂલ માટે સજારૂપે સીધો નોકરીમાંથી કાઢી મૂકવાની ધમકી મધ્ય રેલવેના વરિષ્ઠ વિભાગીય એન્જિનિયરને આપી છે. ધમકીને કારણે મોટરમેન દ્વારા ભૂલ થવાની શક્યતાઓ વધી જાય છે. ૧૬૦૦થી વધુ લોકલ દોડાવવા માટે મધ્ય રેલવે પાસે ૮૦૦ મોટરમેન છે અને આશરે ૨૩૦ની જગ્યા ખાલી છે. આ સંજોગોમાં મોટરમેન કામના કલાકો કરતાં વધુ કામ કરીને રેલવેને કૉ-ઓપરેટ કરી રહ્યા છે. કુલ ૧૩થી ૧૫ મોટરમેનને ઓવરશૂટ જેવી વિવિધ ભૂલો માટે જવાબદાર ઠેરવીને તેમને નોકરી પરથી કાઢી નાખવાની હિલચાલ હોવાનું જણાવાયું હતું.

કોઈ પણ દુર્ઘટના માટે જવાબદાર તો રેલવે જ!

રવિવારથી મોટરમેન દ્વારા નિયમ પ્રમાણે જ કામ કરવાનું નક્કી કરવામાં આવ્યું હોવાથી રોજની આશરે ૬૦૦થી ૭૦૦ ટ્રેનો રદ કરવી પડશે. આવા સંજોગોમાં સ્ટેશન પર અને ટ્રેનોમાં ભીડ વધવાને કારણે એલ્ફિન્સ્ટનવાળી દુર્ઘટનાનું પુનરાવર્તન થવાની પૂરેપૂરી શક્યતા છે. જો આવી કોઈ દુર્ઘટના થઈ તો તે માટે રેલવે જ જવાબદાર હશે, એવો ઈશારો પણ મોટરમેન સંગઠન દ્વારા આપવામાં આવ્યો છે.

## મેયર

તો તેમનું સંખ્યાબળ પણ ૮૪ પર પહોંચી જશે તેને કારણે સત્તા મેળવવા ભાજપ જોરદાર પ્રયાસ કરશે. હાલ ૨૦૧૯ સુધી શિવસેનાના મેયરપદને કોઈ જોખમ નથી, પણ ત્યારબાદ પરિસ્થિતિ બદલાવાની શકયતા છે. જોકે હજી નગરસેવકોના કાસ્ટ વૅરિફિકેશનનો નિકાલ આવવાનો બાકી હોઈ તે પણ ભાજપ માટે મહત્ત્વનું સાબિત થઈ શકે છે. નગરસેવકની સંખ્યા સરખી થઈ ગઈ તો ભાજપ વધુ અપક્ષ નગરસેવકોને પોતાની તરફ કરવાનો પ્રયાસ કરી શકે છે એવુ ચર્ચાઈ રહ્યું છે. ૨૦૧૯માં લોકસભાની પણ ચૂંટણી હોવાને કારણે જો ભાજપ ફરી સત્તામાં આવે તો તેની અસર મહાનગરપાલિકાને પણ થઈ શકે છે. ■